PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/કવા–૦૧/૧૮–૧૯/ 8291-17 તા. 1-9-18.

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મનુભાઈ મશરૂભાઈ સરસીયા,
C/O, લાલજીભાઈ ડાયાભાઈ ખોયાણી
ગામ: રાણપુર
તા.જી.રાજકોટ
મો: ૯૯૦૯૬૦૪૫૫૩

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૯/કવા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૫૯/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૧–૦૮–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: મનુભાઈ મશરૂભાઈ સરસીયા, ગામ: રાણપુર

રજુઆત કરનાર: અરજદાર મનુભાઈ મશરૂભાઈ સરસીયા હાજર રહેલ છે.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ગામ:રાણપુર તા. રાજકોટ ખાતે રે.સ. ૨૨૧ પૈકી ૯ / પૈકી ૧ ની ખેતીની જમીન હે.આર.ચો.મી. ૦–૮૦–૯૩ ખાતા નં. –૭૩ થી ખેતીની જમીન આવેલ છે. તેઓએ સબંધક પેટા વિભાગીય કચેરી મા વર્ષ–૧૪ મા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી આપેલ હતી. તા.૦૫–૦૧–૧૮ ના રોજ તેઓનુ સદર જોડાણ મંજુર કરાયેલ હતુ. તા.૦૩–૦૩–૧૮ ના રોજ જરૂરી દસ્તાવેજીક પેપર્સ સાથે તેઓએ અરજી સબંધક પેટા વિભાગીય કચેરી મા આપેલ હતી. જે સબંધક પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાઉન્ડ મા ફેકી દેવાયેલ હતી. તેઓએ તેમની ખેતીની જમીન મા ૩૦૦ ફુટ ઉંડો બોર કરેલ છે. સદર બાબતે પીજીવીસીએલ ની કચેરી ના જવાબદાર અધિકારીઓ દ્વારા – સર્વે કરવા આવેલ નથી, અને કચેરીના રેકર્ડમાં તેઓની ખેતીની જમીન મા બોર નથી – તેવો ઉલ્લેખ કરેલ છે. આમ, તેઓના જોડાણની કાર્યવાહી પેટા વિભાગીય કચેરી દ્વારા અટકાવાયેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ. તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી** અત્રેની વિભાગીય કચેરી હેઠળના કુવાડવા પે.વી.ક.ના રાણપુર ગામના અરજદાર શ્રી મનુભાઈ મશરૂભાઈ સરશીયા દ્વારા તેમને નવું ખેતીવાડી વીજ જોડાણ ન આપવા બાબતની અરજી ગ્રાહક નિવારણ કેન્દ્ર સમક્ષ તા.૦૧.૦૬.૨૦૧૮ ના રોજ કરેલ. સદર બાબત અન્વયે જણાવવાનું કે, સદર અરજદાર શ્રી મનુભાઈ મશરૂભાઈ સરશીયાએ રાણપુર ગામની પોતાની માલિકીની જમીનના સર્વે નંબર ૨૨૧ પૈકી ૯ પૈકી ૧ માં ૧૦ એચ.પી. નું ખેતીવાડી વીજ કનેક્શન મેળવવા માટે રસીદ નંબર ૩૩૮૬૨૦ તા, ૨૩.૦૬.૨૦૧૪ થી કુવાડવા પે.વી.ક.માં રજીસ્ટ્રેશન કરાવેલ. ત્યારબાદ વીજ કનેક્શન આપવાના અગ્રતાક્રમ મુજબ તેઓનો વારો આવતા કંપનીના નિયમાનુસાર નવા જરૂરી દસ્તાવેજો. જેવા કે, ૭/૧૨,૮-અ,૬-હક્કપત્રક, ૧૬ નંબર, ચતુર્દીશાનો દાખલો, અન્ય ભાગીદારોનું સંમતીપત્રક રજુ કરવા માટે અરજદારશ્રી મનુભાઈ મશરૂભાઈ સરશીયાને લેખીતમાં કુવાડવા પે.વિ.ક. દ્વારા નીચેના પત્ર નંબર દ્વારા જાણ કરેલ અને આ પત્રોની નકલ આ સાથે સામેલ છે.<br><br>પ્રથમ નોટીસ : નંબર/ના.ઈ./કે.એસ.ડી./ટેક/૨૬૬ તા. ૦૫.૦૧.૨૦૧૮<br>દ્વિતીય નોટીસ : નંબર/ના.ઈ./કે.એસ.ડી./ટેક/૭૧૭ તા. ૨૪.૦૧.૨૦૧૮ |

તૃતીય નોટીસ : નંબર/ના.ઈ./કે.એસ.ડી./ટેક/૧૦૪૦ તા. ૦૫.૦૨.૨૦૧૮

ઉપરોક્ત પત્ર નંબરથી મોકલાવેલ નોટીસ પેટા વિભાગીય કચેરીના રેકોર્ડ મુજબ પેટા વિભાગીય કચેરીમાં પરત મળેલ છે જેમાં કવર ઉપર "તપાસ કરતા આ વ્યક્તી ન મળતા પરત" એવું પોસ્ટઓફીસનું રીમાર્કસ છે. જેથી કરીને અરજદાર દ્વારા જરૂરી ડોક્યુંમેન્સ અત્રેની કુવાડવા પે.વિ.ક.માં સબમીટ કરાવેલ નથી તેમજ વધુમાં જણાવવાનું કે, અરજદાર દ્વારા સંલગ્ન પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરતા તેમને મૌખીક જણાવેલ કે, તેમને ખેતીવાડી કનેક્શનની અરજી પ્રાયોરીટી પ્રમાણે મંજુર થઇ ગયેલ છે અને કંપનીના નિયમ અનુસાર તાજેતરનાં જરૂરી દસ્તાવેજો જેવા કે ૭-૧૨, હક્કપત્રક-૬, ૮-અ, પીયત માટેનું ૧૬ નંબર, વગેરે અત્રેની કુવાડવા પે.વી.ક.માં રજુ કરવાં જેથી વીજ કનેક્શન આપવાની આગળની કાર્યવાહી કરી શકાય, સંલગ્ન દસ્તાવેજો અરજદાર દ્વારા રજુ કરાતા પેટા વિભાગીય કચેરીના સંલગ્ન રેવન્યુ ડીપાર્ટમેન્ટ દ્વારા ચેક કરવામાં આવતા સદર દસ્તાવેજ ૭-૧૨ માં સયુંકત માલીકી હોય જેથી કરીને અન્ય ભાગીદારશ્રી લાલજીભાઈ ડાયાભાઈ કોયાણીની સમંતી રૂ.૧૦૦ નાં સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ્ડ કરાવી અત્રેની પે.વી.ક.માં જમા કરાવવું. જે અરજી સાથે સામેલ કરાયેલ એ-૧ ફોર્મમાં દર્શાવેલ છે કે અરજદાર દ્વારા તા. ૩૦.૦૫.૨૦૧૮ નાં રોજ જરૂરી ડોક્યુમેન્ટ્સ વેરીફાઈ કરતા તેમજ જુના લેણા બાકી અંગે તપાસ કરવા એ-૧ ફોર્મ જમા કરાવેલ છે અને જે એ-૧ ફોર્મનાં ડાબા હાથ બાજુ દર્શાવેલ છે કે, અરજદારશ્રી જમીન સયુંકતમાં હોય અન્ય ભાગીદારીની સમંતીપત્રક સામેલ નથી જેની નકલ પણ અરજદાર દ્વારા રજુ કરાયેલ અરજી સાથે જોડેલ છે. આમ, અરજદાર પોતે એ-૧ ફોર્મ સાથે જોડેલા બધા દસ્તાવેજી પુરાવાઓ તેમની સાથે પરત લઇ ગયેલ છે જેથી પેટા વિભાગીય કચેરીના કેસ ફાઈલના રેકોર્ડ મુજબ અરજદારનાં નવા દસ્તાવેજી પુરાવાઓ કેસ ફાઈલમાં ઉપલબ્ધ નથી. વધુમાં જણાવવાનું કે, અરજદાર દ્વારા તા. ૦૧.૦૬.૨૦૧૮ નાં રોજ સી.જી.આર.એફ.માં રજૂઆત કરેલ છે તેમાં જણાવેલ છે કે, તા. ૩૦.૦૫.૨૦૧૮ નાં રોજ અરજી ઈનવર્ડ કર્યા બાદ દસ્તાવેજો તપાસી વેરીફાઈ કરવામાં આવેલ છે અને ત્યારબાદ સંલગ્ન અધિકારીશ્રી પાસે તપાસ કરતા તમારી વીજ જોડાણની અરજી મળતી નથી તેઓ ઉડાઉ જવાબ આપેલ અને તા. ૩૦.૦૫.૨૦૧૮ નાં રોજ અધિકારીને સદર બાબતે પૂછતા અરજદારનાં નવા એ-૧ ફોર્મમાં તા. ૦૩.૦૩.૨૦૧૮ ની અરજી દસ્તાવેજો સાથે પે.વી.ક.નાં મેદાનમાં અરજી ફેકી દીધેલ છે અને વીજ કનેક્શન મળવાપાત્ર નથી તેમ જણાવી હડધૂત કરી કાઢી મુકેલ છે તેવી કોઈપણ ઘટના કુવાડવા પે.વી.ક.માં બનેલ નથી અને સદર બાબત અરજદાર દ્વારા ઉપજાવી કાઢેલ છે.

આમ, અરજદાર દ્વારા સંપૂર્ણપણે જરૂરી દસ્તાવેજો અત્રેની કુવાડવા પે.વિ.ક.ને જમા કરાવ્યા બાદ જ અરજદારને નવું ખેતિવાડી વીજ કનેક્શન આપવા માટેની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય વધુમાં કુવાડવા પેટા વિભાગીય કચેરી દ્વારા સદર અરજદારને સદર વીજ જોડાણ માટે લાગુ પડતા દસ્તાવેજો રજુ કરવાં પત્ર નંબર : નાં.ઈ./કે.એસ.ડી./૪૩૪૯ તા. ૨૫.૦૬.૨૦૧૮ થી જાણ કરેલ છે અને આ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યે સદર સર્વે નંબરમાં વીજ કનેક્શન આપવા માટેની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | **ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.** |
| <u>૩.૧</u> | **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે,** અરજદાર શ્રી મનુભાઈ મશરૂભાઈ સરશીયા દ્વારા રાણપુર ગામની પોતાની માલિકીની જમીનના સર્વે નંબર ૨૨૧ પૈકી ૯ પૈકી ૧ માં ૧૦ એચ.પી. નું ખેતીવાડી વીજ કનેક્શન મેળવવા માટે રસીદ નંબર ૩૩૮૬૨૦ તા, ૨૩.૦૬.૨૦૧૪ થી કુવાડવા પે.વી.ક.માં રજીસ્ટ્રેશન કરાવેલ. અગ્રતાક્રમ મુજબ તેઓનો વારો આવતા કંપનીના નિયમાનુસાર નવા જરૂરી દસ્તાવેજો જેવા કે, ૭/૧૨,૮-અ,૬-હક્કપત્રક, ૧૬ |

| | |
|---|---|
| | નંબર, ચતુર્દીશાનો દાખલો, અન્ય ભાગીદારોનું સંમતીપત્રક રજુ કરવા માટે અરજદારશ્રી મનુભાઈ મશરૂભાઈ સરશીયાને લેખીતમાં કુવાડવા પે.વિ.ક. દ્વારા તા. ૦૫.૦૧.૨૦૧૮ પત્ર તા. ૦૫.૦૧.૨૦૧૮, તા. ૨૪.૦૧.૨૦૧૮ અને તા. ૦૫.૦૨.૨૦૧૮ દ્વારા જાણ કરેલ, પરંતુ રેકોર્ડ મુજબ પેટા વિભાગીય કચેરીમાં સદર પત્રો પરત મળેલ છે જેમાં કવર ઉપર "તપાસ કરતા આ વ્યક્તી ન મળતા પરત" એવું પોસ્ટઓફીસનું રીમાર્કસ છે. અરજદાર **ને સદર બાબતે મૌખિક જણાવતા – તેઓ દ્વારા જરૂરી ઘટતા આધાર–પુરાવા** રજુ કરાતા પેટા વિભાગીય કચેરીના સંલગ્ન રેવન્યુ ડીપાર્ટમેન્ટ દ્વારા ચેક કરવામાં આવતા સદર દસ્તાવેજ ૭-૧૨ માં સયુંકત માલીકી હોય અન્ય ભાગીદારશ્રી લાલજીભાઈ ડાયાભાઈ કોયાણીની સમંતી રૂ.૧૦૦ નાં સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ્ડ કરાવી અત્રેની પે.વી.ક.માં જમા કરાવવા **અરજદાર ને જાણકારી આપેલ. ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે** – અરજદાર પોતે એ-૧ ફોર્મ સાથે જોડેલા બધા દસ્તાવેજી પુરાવાઓ તેમની સાથે પરત લઇ ગયેલ છે જેથી પેટા વિભાગીય કચેરીના કેસ ફાઈલના રેકોર્ડ મુજબ અરજદારનાં નવા દસ્તાવેજી પુરાવાઓ કેસ ફાઈલમાં ઉપલબ્ધ નથી. વધુમાં કુવાડવા પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારને સદર વીજ જોડાણ માટે લાગુ પડતા દસ્તાવેજો રજુ કરવાં પત્ર નંબર : નાં.ઈ./કે.એસ.ડી./૪૩૪૯ તા. ૨૫.૦૬.૨૦૧૮ થી જાણ કરેલ છે અને આ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યે સદર સર્વે નંબરમાં વીજ કનેક્શન આપવા માટેની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. **જે બાબત નિયમાધીન હોય – અરજદાર દ્વારા સદર બાબતે** દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યે **પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજજોડાણ આપવા અંગે ની નિયમાધીન કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવી. તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.** |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | **સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.** |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.